# ડીસામાં દુકાન સોદાની તકરારમાં એક કરોડની ખંડણીની ફરિયાદ

## સત્ય શોધવા પોલીસે તપાસ હાથ ધરી

ડીસા, તા.૨૦

વહેપારી મથક ડીસા માં જમીનનાં ધંધા સાથે સંકળાયેલા બે વહેપારી વચ્ચે ની તકરાર પોલીસ મથકે પહોચી છે જેમાં એક વહેપારીએ બીજા વહેપારી વિરુદ્ધ ધાકધમકી, અને એક કરોડ ની ખંડણી માંગ્યાની ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ આપતા આ ફરિયાદ વિવાદિત બનેલ છે, અને જમીન સોદાની ઉઘરાણીમાં શું ખરેખર ' ખંડણી' જેવો ગુન્હો બન્યો છે કે કેમ ? તેની પોલીસે ફરિયાદ બાદની કાર્યવાહી માં તપાસ હાથ ધરેલ છે

બનાસકાંઠા ના ડીસામાં બનેલા એક કહેવાતા સનસનીખેજ ક્રાઈમ ની પોલીસ દફતરે દાખલ થયેલ ફરિયાદમાં એક કરોડની ચકચારી ' ખંડણી' ટોક ઓફ ધ ટાઉન બનેલ છે, જેમાં સુરેશકુમાર હરખચંદ ભાઈ જૈન નામના વહેપારી એ ઉત્તર પોલીસ મથકે આવી જાહેર કરેલકે ' પીન્કેશ ભાઈ નાન્હાલાલ દોશી નામના વહેપારી સાથે તેમને જમીન અને દુકાન નો સોદો વહેપાર કરેલ.જેમાં અમારી બન્ને વચ્ચે નાં થયેલ સોદા કોઈ કારણોસર રદ થયેલા જેમાં સાક્ષીઓં રૂબરૂ સમાધાન થયેલ, જે મુજબ મારે પીન્કેશ ભાઈ દોશી પાસેથી મારા બાકી નીકળતા ૭૧,૦૦૦૦ લાખ નીકળતા હતા, જેની મેં ઉઘરાણી કરતા મને અને મારા પરિવારજનો ને મારી નાખવાની ધમકી આપી હતી, અને મારી પાસે એક કરોડ ની માંગણી કરી હતી.

જોકે વહેપારી ની આ ફરિયાદ ને ન્યાય આપી પોલીસે પીન્કેશ ભાઈ દોશી ઉપર ધાકધમકી અને એક કરોડની ખંડણી માંગવા બાબતનો ગુનો નોધ્યો હતો.

જોકે આ ચકચારી ફરિયાદ નાં જૈન સમાજ માં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે,અને આ બાબતે જેમની પર ફરિયાદ થઈ છે તે કહેવાતા આરોપી પીન્કેશભાઈ દોશી એ આ ફરિયાદ ખોટી હોવાનું અને બદલાની ભાવના એ કરાઈ હોવાનું જણાવ્યું હતું, તેમને ચોકાવનારા ખુલાસા એ એ પણ જાહેર કર્યું હતું કે ફરિયાદી સુરેશભાઈ નાં કહેવાથી તેમના ભાગીદારને તેમને નવ દુકાનો વેચાણ આપી હતી,આ નવ દુકાન ની વેચાણ પેટે તેઓં એક કરોડ સત્તર લાખ ની રકમ માંગતા હતા, અને આ બાબતે તેમને અગાઉ ડીસા દક્ષિણ પોલીસ માં અરજી પણ કરી હતી,હાલ મારી ઉપર થયેલી આ ફરિયાદ ખોટી છે,અને મને મારી દુકાન નાં એક કરોડ સત્તર લાખ ન આપવા પડે તે માટે ફરિયાદી સુરેશભાઈ એ ખોટી હકીકતો ઉભી કરી મારી પર ફરિયાદ કરેલ છે જેને હું કાયદાની કોર્ટ માં પડકારીશ અને ન્યાય મેળવીશ,તેવું પીન્કેશ ભાઈ દોશી એ તેમના બચાવમાં જણાવ્યું હતું,

આ ચકચારી બનેલ ફરિયાદ માં પોલીસ ની હાથ ધરાતી તપાસ મહત્વનો મુદો છે ,અહી એ પણ સવાલ થાય છે કે શું ખરેખર થયેલ કહેવાતી ફરિયાદ મુજબ એક કરોડ ની' ખંડણી' આરોપી એ માંગી છે? શું આ કહેવાતી તકરાર બન્ને પક્ષો વચ્ચે ની ઉઘરાણી બાબત ની 'દીવાની 'તકરાર હતી ? તો તેને ફોજદારી ક્રાઈમ કેમ અને ક્યા ઈરાદે બનાવવા માં આવેલ છે? શું પોલીસ આ મામલે સત્ય બહાર લાવશે ખરી? આ તમામ બાબતો વચ્ચે હાલતો ડીસા ઉત્તર પોલીસે આ મામલે ગુનો દાખલ કરેલ છે, જેની વધુ તપાસ પી. આઈ. - એચ. એન. રાઠોડ ચલાવી રહ્યા છે.

# ભરઉનાળે મોડાસામાં વીજળીના ધાંધીયા

## અનિયમિત વીજ પ્રવાહથી અનેક વિસ્તારના રહિશો ત્રાહીમામ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડની વિભાગીય કચેરી મોડાસા દ્વારા મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી સોસાયટી વિસ્તારમાં વિજપ્રવાહ અંગે ધાંધીયા જોવા મળી રહ્યા છે. સોસાયટી વિસ્તારમાં અનિયમિત વિજપ્રવાહ, અચાનક વિજપ્રવાહમાં વધારો થવાથી અને વારંવાર વીજળી ડુલ થતાં સોસાયટીના રહીશો તોબા પોકારી ઉઠ્યા છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી રત્નદિપ સોસાયટી, ઋષિકેશ સોસાયટી, નિજધામ સોસાયટી, કૃષ્ણનગર સોસાયટીઓમાં આશરે ૫૦૦ થી વધારે રહેણાંક મકાનો આવેલા છે. ચાલુ વર્ષે ઉનાળાની ગરમીએ માઝા મુકી છે. ત્યારે મોડાસા શહેરની યુજીવીસીએલની વિભાગીય કચેરી દ્વારા સોસાયટી વિસ્તારમાં વિજ સર્વીસના ધાંધીયાથી લોકો તોબા પામી ગયા છે. સોસાયટી વિસ્તારમાં અચાનક વિજપ્રવાહ વધી જવાથી સોસાયટીના રહીશોના મોંઘા ભાવના વિજ ઉપકરણો બળીને ખાખ થઈ જવાની ઘટનાઓ છાશવારે બની રહી છે. જ્યારે અત્યારે મોડાસા શહેરનું તાપમાન ૪૩ ડીગ્રીની આસપાસ રહેતા શહેરમાં ગરમીનું પ્રમાણ અસહ્ય બની ગયું છે. ત્યારે સોસાયટી વિસ્તારના રહીશોએ ગરમીથી બચવા અને ઠંડક મેળવવા પોતાના રહેણાંકમાં એરકન્ડીશનર, એરકુલર અને બીજા અન્ય ઠંડક આપનાર ઉપકરણો વસાવ્યા છે પરંતુ અપુરતા વિજપ્રવાહના કારણે અને વારંવાર વીજળી ગુલ થઈ જતી હોવાથી વિજકરણો ઉપડતા ન હોવાથી નકામા સાબીત થઈ રહ્યા છે. ત્યારે વિજકંપનીના પૂરતા વિજપ્રવાહના કારણે ઉનાળામાં અબાલ, વૃદ્ધ તેમજ સોસાયટીના રહીશો કંટાળી ગયા છે.

આ અંગે સોસાટીના રહીશોએ મોડાસા યુજીવીસીએલ કંપનીમાં રજુઆત કરતાં રહીશો જોડે બેહુદુ વર્તન અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

મોડાસાની રત્નદિપ સોસાયટીના રહીશ કેતનભાઈ ત્રિવેદીના જણાવ્યા અનુસાર રત્નદિપ સોસા.ટીમાં ૨૦૦થી વધારે રહેણાંક મકાનો આવેલા છે. ત્યારે અનિયમિત વિજપુરવઠો અને અપુરતો પૂરવઠો મળતો હોવાથી સોસાયટીમાં રહેતા વૃદ્ધોની હાલત કાળઝાળ ગરમીમાં દયનીય બની ગઈ છે. જ્યારે વિજપુરવઠાના વિજપ્રવાહમાં અચાનક વધી જવાથી અવારનવાર મોંઘા વિજ ઉપકરણો બળી જવાના પરીણામે મોટુ નુકશાન ભોગવવું પડે છે. ત્યારે યુજીવીસીએલ વિભાગીય કચેરી દ્વારા સોસાયટીના રહીશોને પડતી તકલીફ અંગે યોગ્ય નિર્ણય કરવામાં નહિ આવે તો ન છૂટકે સોસાયટીના રહીશોએ ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ ઉપર ઉતરી આંદોલન કરવુ પડશે તેમજ સોસાયટીના રહીશોએ રાજ્ય સરકારમાં અને યુજીવીસીએલ કંપનીની મેઈન ઓફિસમાં વિજપ્રવાહની અનિયમિતતા અંગે જાણ કરી યોગ્ય પગલાં ભરવા આવેદનપત્ર આપવામાં આવશે.

# અરવલ્લીના ૫ તાલુકાના ૫૦૪ ગામોને ૪૩૯ કરોડના ખર્ચે પાઈપલાઈન નાખી પાણી આપવામાં આવશે

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના પાંચ તાલુકમાં પાણી પુરૂ પાડવાની મહત્વની યોજનાનું મુખ્યમંત્રીના હસ્તે ૨૨ મે ના રોજ ખાતમુહૂર્ત થશે. જેના પગલે તંત્રએ તડામાર તૈયારીઓ હાથ ધરી દીધી છે. ૪૩૯ કરોડના ખર્ચે પાંચ તાલુકાના ૫૦૪ ગામોને માઝુમ અને વાત્રક જળાશયના આધારે પાણી પુરૂ પાડવામાં આવશે. છેલ્લા કેટલાક દિવસો મુખ્યમંત્રીના કાર્યક્રમના પગલે મીટીંગોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આ યોજનાથી જિલ્લાના અંતરીયાળ વિસ્તારમાં વર્ષોથી સર્જાયેલી કાયમી પાણીની સમસ્યા હલ થશે.

અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ, માલપુર, ધનસુરા અને મેઘરજ તાલુકામાં પાણી પુરૂ પાડવા માટે એસ.કે-૨ અને એસ.કે-૩ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ૧૫૮૦ કિમી લાંબી પાઈપલાઈન નાખી ૫૦૪ ગામોમાં પાણી પુરૂ પાડવામાં આવનાર છે. ૪૩૯ કરોડની આ યોજનાનુ ખાતમુહૂર્ત ૨૨ મે ના રોજ મેઘરજ મુકામે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કરશે. કુંભેરા હાઈસ્કૂલના મેદાનમાં આ યોજનાના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાનાર હોઈ તંત્રએ તડામાર તૈયારીઓ હાથ ધરી દીધી છે.

પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ જિલ્લાના અધિકારીઓ દ્વારા આ યોજનાને લઈ દોડધામ શરૂ કરી દેવામાં આવી છે. અત્યારે જિલ્લાના પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ આ યોજનાને સાકાર કરવા એક્શન પ્લાન બનાવી દીધો છે. આ યોજના અંતર્ગત મોડાસાના ૧૦૪, બાયડના ૧૨૩, ધનસુરાના ૭૨, માલપુરના ૯૯ અને મેઘરજના ૧૦૭ ગામોને પાણી પુરૂ પાડવામાં આવશે. બે વર્ષ સુધીમાં આ યોજના પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે અને અનેક જગ્યાએ ભુગર્ભ સમ્પ, ઓવરહેડ ટાંકીઓ, પમ્પીંગ મશીનરી તથા સ્ટોરેજની કામગીરી કરવામાં આવશે. પરિણામે અરવલ્લી જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં પાણી માટે ટળવળતા ગામડાઓમાં પાણી પુરૂ પાડવાની યોજનાના સમાચાર મળતા જિલ્લામાં આનંદ છવાયો છે તેમજ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં વર્ષોથી પાણીની સમસ્યા સર્જાયેલી છે તેનો મહદ્અંશે નિકાલ આવશે.


અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મંગળવારે સાંજના વિશ્વ હિન્દુ પરિષદ, દુર્ગાવાહિની દ્વારા શૌર્ય રેલી યોજાઈ હતી. જેમાં ટેબ્લો, શોર્ય ગીતો, ઘોડેસવારો સાથેની ભવ્ય રેલી કે.પી. છાત્રાલયથી મોડાસા ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ થઈ સાંઈ મંદિર કલ્યાણ ચોકથી ઋષિકેશ સોસાયટી વિસ્તારમાંથી પરત ફરી હતી ત્યારે મોડાસા લાયન્સ કલબ દ્વારા લાયન્સ કલબ સંચાલિત બહેરા મુંગા શાળા બહાર આ રેલીમાં જોડાયેલી બહેનોને ઉનાળાની ગરમીથી રાહત આપવા અને નારી સશકિતકરણને પ્રોત્સાહન આપવા લાયન્સ કલબ ઓફ મોડાસા દ્વારા છાશનું વિતરણ કરાયું હતું. (તસવીર : જય અમીન, મોડાસા)

# સતલાસણા તાલુકાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો : ૩૭ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ

મહેસાણા, તા. ૨૦

મહેસાણા જિલ્લાના સતલાસણા ખાતે લોક દરબારમાં રજુ થયેલા ૩૭ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ થયેલ છે. જેમાં દબાણો તથા પ્રાથમિક તેમજ માળખાકીય સુવિધાઓ સહિતની ફરીયાદો સહિત વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા સહપ્રભારી અને રાજ્ય શ્રમ રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર વિવિધ સુચનો અને તાકીદ કરી હતી.

સતલાસણા પ્રજાપતિ વાડી ખાતે યોજાયેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં સંસદીય સચિવ ભરતસિંહ ડાભી, જિલ્લા કલેક્ટરશ્રી લોચન સેહરા, જિલ્લા પ્રમુખ જે.એલ. પટેલ સહિત જિલ્લાના સંલગ્ન અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપ ઠાકોરે જણાવ્યુ હતું કે લોક દરબાર કાર્યક્રમથી લોકોના પ્રશ્નોનો હકારાત્મક નિરાકરણ થયું છે. સતલાસણા તાલુકાના ગામડાઓના લોકોને પોતાના પ્રશ્નો માટે જિલ્લા સ્તરે રાજ્ય સ્તરે નહી પરંતુ તાલુકા સ્તરે નિકાલ થાય છે. સરકારશ્રીના અભિગમથી લોકોના સારો પ્રતિસાદ સાંપડ્યો છે. આ ઉપરાંત અરજદારોના પ્રશ્નોનું સમયસર નિકાલ થાય તે માટે ખાસ તાકીદ કરાઈ હતી.

જિલ્લા કલેક્ટરશ્રી લોચન સહેરાએ જણાવ્યું હતું કે લોકો માટેનો કાર્યક્રમ થકી વહીવટીતંત્રમાં ગતિશીલતા આવી છે.

લોકસંવાદ સેતુ સતલાસણાના કાર્યક્રમમાં ગ્રામ પંચાયતોના, તાલુકા પંચાયત, નાયબ કાર્યપાલક ઈજનેર ધરોઈ, માર્ગ અને મકાન વિભાગ, એસ.ટી. વિભાગ, મહેસુલ વિભાગના, આંગણવાડી, પે એન્ડ યુઝના, દબાણો પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આ તમામ ૩૭ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે પ્રાંત અધિકારીશ્રી ખેરાલુએ આભારવિધિ કરી હતી.

# સરડોઈ ગામે બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો : તસ્કર ટોળકી બેફામ

મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લામાં ઉનાળાની ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે ત્યારે બીજી બાજુ જિલ્લામાં તસ્કર ટોળકી બેફામ બની લુંટફાટ અને ધાડને અંજામ આપી રહી છે. અરવલ્લી જિલ્લા પોલિસ તંત્ર દ્વારા ગામડાઓમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા ગામડાની પ્રજા માંગ કરી રહી છે. મોડાસાના સરડોઈ ગામમાં મુંબઈ રહેતા એક પરિવારના બંધ મકાનને નિશાન બનાવતાં સરડોઈ ગામના લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ગામ લોકોના પ્રાથમિક તારણો અનુસાર ચોરીનો આંક લાખો રૂપિયામાં હોવાનો અંદાજ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા તાલુકાના સરડોઈ ગામના અને મુંબઈમાં ધંધાર્થે રહેતા મધુકાંત ડાહ્યાલાલ ત્રીવેદી (ઝવેરી)ના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવતાં ઘરમાં રહેલી ૩ થી ૪ તિજોરીઓ તોડી નાંખી લુંટને અંજામ આપી નાસી છુટયા હતા. પરંતુ બંધ મકાન હોવાથી આજુબાજુમાં રહેતા લોકો લૂંટની આ ઘટનાથી અજાણ હતા પરંતુ આજે આ બંધ રહેણાંકની આજુબાજુમાં રહેતા બાળકો રમત રમતા બંધ મકાન બાજુ જતાં અને ઘરના દરવાજાના તાળા તુટેલા જોતાં બુમાબુમ કરતાં આજુબાજુમાં રહેતા લોકો દોડી આવ્યા હતા અને અંદર જઈ તપાસ કરતાં ઘરમાં રહેલી ૪ તિજોરીઓના નકૂચા તોડી ચોરી કરવાનું જાણવા મળ્યું હતું. જે અંગે ગામ લોકોએ મકાન માલિકને જાણ કરતાં મકાન માલિક મુંબઈથી સરડોઈ આવવા રવાના થઈ ગયા છે. ગામના એક આગેવાનના જણાવ્યા અનુસાર મધુકાંતભાઈના ઘરમાંથી અંદાજે લાખ્ખો રૂપિયાની ચોરી થયાનો અંદાજ છે. સરડોઈ ગ્રામજનોએ ચોરીની ઘટના બાદ આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે છેલ્લા કેટલાય સમયથી ગામડાઓમાં સરડોઈ આઉટ પોસ્ટ દ્વારા નાઈટ પેટ્રોલીંગ બંધ કરી દેવામાં આવતાં તસ્કર ટોળકી સક્રીય બની છે. હજુ પણ આ ચોરીની ઘટના પછી પણ અરવલ્લી જિલ્લા પોલિસ નિષ્ક્રિય રહેશે તો આવી ધાડપાડુ ગેંગ દ્વારા કેટલાય મકાનોને નિશાન બનાવાય તો નવાઈ નહિ. તેમજ અરવલ્લી જિલ્લા પોલિસ વડા દ્વારા સરડોઈ અને સરડોઈ ઓ.પી.માં આવતા ૩૨ ગામોમાં યોગ્ય કાર્યવાહી કરી નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા પોલિસ જવાનોને સૂચના આપી તસ્કર ટોળકીને ઝડપી પાડી યોગ્ય કાર્યવાહી થાય તેવું ગામ લોકો ઈચ્છી રહ્યા છે.

# પાલનપુર મુકામે રાષ્ટ્રીય અનુ.જાતિ આયોજના સભ્ય રાજુભાઈ પરમારના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

પાલનપુર, તા.૨૦

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ નવી દિલ્હીના સભ્યશ્રી રાજુભાઈ પરમારના અધ્યક્ષસ્થાને પાલનપુર મુકામે જિલ્લાના અગ્રણીઓ અને અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં બનેલા એટ્રોસીટીના કેસોમાં થયેલ કામગીરી અને પેન્ડીગ કોર્ટ કેસો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સભ્યશ્રી પરમારે પોલીસ વિભાગના અધિકારીઓને જણાવ્યુ કે આ બાબતે ગુન્હા ન બને તે માટે સામાજીક જાગૃતિ લાવવા સેમિનાર જેવા કાર્યક્રમો કરીએ. તેમણે પોલીસ અધિકારીઓને કહ્યુ કે એટ્રોસીટી અંગે કોઇ ફરિયાદ, રજુઆત કે જાણકારી મળે ત્યારે તરત જ તેની કાયદેસર કાર્યવાહી હાથ ધરવી જોઇએ.

સભ્યશ્રી રાજુભાઇ પરમારે વિગતો આપતાં જણાવ્યુ કે વર્ષ-૨૦૧૨ થી ૨૦૧૪ સુધીના ત્રણ વર્ષમાં બનાસકાંઠામાં કૂલ-૨૩૦ એટ્રોસીટીના કેસો નોંધાયા છે. તથા જિલ્લામાં કૂલ-૪૩૧ કેસો કોર્ટમાં પડતર છે. તેમણે કહ્યુ કે એટ્રોસીટીના કેસોનો ખુબ ઝડપથી નિકાલ આવે તે માટે સુરતની જેમ બનાસકાંઠા જિલ્લામાં એટ્રોસીટીના કેસો ચલાવવા સ્પેશ્યલ કોર્ટ શરૂ કરવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યુ કે અનુસૂચિત જાતિના વ્યક્તિના મર્ડર અને રેપ જેવા ગંભીર ગુનામાં કેસ ચલાવવા પ્રાઈવેટ વકીલ રોકવા મર્ડરના કેસમાં રૂ.૫૦ હજાર અને રેપના કેસમાં રૂ.૨૫ હજાર સરકાર તરફથી ચૂકવવામાં આવે છે ત્યારે આવા કેસોમાં સમાધાન ન થાય અને આરોપીઓને સજા થાય તે જરૂરી છે. તેમણે કહ્યુ કે પોલીસને એટ્રોસીટીના કાયદા અંગે પુરતુ માર્ગદર્શન આપવામાં આવે અને ફરીયાદી ફરીયાદ લખાવે તે પ્રમાણે જ ફરીયાદ લેવામાં આવે તેમ આયોગે જણાવ્યુ હતુ.

# બાયડના જીતપુર ગામે માતાજીની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

## આ ધાર્મિક પર્વે અનેક કાર્યક્રમોનું આયોજન

મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના જીતપુર (આંબલીયારા) ગામે સમસ્ત ગ્રામજનોના ઉપક્રમે નવનિર્મિત શ્રી વહાણવટી સિકોતર (વલ્લીવાળી સિકોતર) માતાજીના મંદિરે તા.૨૧/૫/૨૦૧૫ થી તા.૨૩/૫/૨૦૧૫ દરમિયાન ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ મહોત્સવ ઉજવવા માટે ગ્રામજનો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. બાયડ તાલુકાના જીતપુર ગામે આવેલું સિકોતર માતાજીનું મંદિર લાખો શ્રધ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. અહીં દર રવિવારે ગ્રામજનો સહિત પંથકના શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે એટલુ જ નહીં શ્રધ્ધા અને આદરપૂર્વક માતાજીને માથું ટેકવી પોતાની બાધા-આખડી-માનતા પુરી કરે છે. આ પંથકમાં શ્રી વહાણવટી સિકોતર માતાજી વલ્લીવાળી સિકોતર તરીકે પણ શ્રધ્ધાળુઓમાં પ્રચલિત છે. નવનિર્મિત મંદિર અગાઉ અહીં સામાન્ય નાનકડી માતાજીની દેરી હતી. પરંતુ વિસ્તારમાં માતાજી પ્રત્યેની માઈભક્તોની આસ્થા-શ્રધ્ધા વધતા ગ્રામજનોએ માતાજીનું ભવ્ય મંદિર બનાવવાનો ભગીરથ સંકલ્પ કર્યો હતો. જે આજે ગ્રામજનોના સહકાર અને માતાજીની અસીમ કૃપાથી સાકાર થયો છે. મા સિકોતર સૌ માઈભક્તોની મનોકામનાઓ પુરી કરે છે.

જીતપુર ગામમાં શ્રી વહાણવટી સિકોતર માતાજીના મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે તા.૨૧, ૨૨ અને ૨૩ મે-૨૦૧૫ના રોજ ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૧/૫/૨૦૧૫ના રોજ સવારે ૯-૧૫ કલાકે દીપ પ્રાગટ્ય બાદ નવકુંડી યજ્ઞનો પ્રારંભ થશે. સાંજે ૬-૩૦ થી ૭-૩૦ કલાકે સાયં પૂજન આરતી બાદ રાત્રે ૯-૩૦ કલાકે પંચમ ગૃપ, પાટણ દ્વારા રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના બીજા દિવસે સવારે ૮-૧૫ કલાકે પ્રાતઃપૂજન સાથે ૯-૦૦ કલાકે જળયાત્રા, સવારે ૧૦-૦૦ કલાકે મૂર્તિ શોભા/નગરયાત્રા તથા સાંજના ૪-૦૦ કલાકે મૂર્તિ સ્થાપના અને મહાજલાભિષેક થશે. સાંજે ૬-૩૦ કલાકે સાયં પૂજન આરતી થશે. રાત્રિના ૯-૦૦ કલાકે નોરતા આશ્રમના સંત શિરોમણી શ્રી દોલતરામ બાપુ સંતવાણી રજૂ કરશે.

તા.૨૩/૫/૨૦૧૫ના રોજ પ્રાતઃપૂજન બાદ સવારે ૯-૦૦ કલાકે મૂર્તિન્યાસ અને બપોરે ૧૨-૩૯ કલાકે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. બપોરે ૨-૦૦ કલાકે ઉત્તરપૂજન બાદ બપોર ૩-૦૦ કલાકે યજ્ઞની પૂર્ણાહૂતિ થશે અને બપોરના ૩-૧૫ થી ૪-૧૫ મહાઆરતી થશે. સાંજના ૪-૩૦ કલાકથી માઈભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી વહાણવટી સિકોતર માતાજીની મૂર્તિ પ્રતિષ્ઠા સાથે મંદિરમાં શ્રી ગણેશજી, શ્રી ભૈરવદાદા, શ્રી માતાજી સિંહ, શ્રી યમરાજ, શ્રી વરૂણદેવ તથા શ્રી કુબેર ભંડારીની મૂર્તિઓની પણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

તા.૨૩/૫/૨૦૧૫ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે માતાજીના લીલુડાં માંડવાનું આયોજન કરવામાં આવ્યું છે. માતાજીના ભુવાજી શ્રી વિરમભાઈ રબારી આર્શીવચન આપશે.

અગ્નિહોત્રાશ્રમ, રાયગઢના આચાર્યશ્રી પ્રા. ડૉ. યોગેન્દ્રઋષિરાજ અગ્નિહોત્રી મૂર્તિ પ્રતિષ્ઠા તથા યજ્ઞકાર્ય વિધિનું પૂજન અર્ચન કરાવશે.

આ ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં માતાજીના દર્શનનો લાભ લેવા માઈભક્તોને સમસ્ત જીતપુર ગ્રામજનોએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.


ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ફોન - ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ

(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧